<u>અખબારી યાદીઃ</u> <u>તા. ૨૯-૧-૨૦૦૯</u>

- **હીરા ઉદ્યોગને મદદરુપ બનવા કેન્દ્રની યુ.પી.એ. સરકારે કસ્ટમ ડ્યૂટી સંપૂર્ણપણે માફ કરી.**
- **ગુજરાતના લઘુ, નાના અને મધ્યમ ૬૨૦૦૦ ઉદ્યોગો છેલ્લા ૧૧મહિનામાં બંધ અથવા માંદા થયા છે, તેને રાજ્ય સરકારે મદદ કરવી જોઈએ.**
- **ભાજપની આગેવાની હેઠળની કેન્દ્રની એન.ડી.એ. સરકારના સમયમાં હીરાની આયાત પર ૩૦ થી ૩૫ % કસ્ટમ ડ્યૂટી હતી.**
- **ટાટા(નેનો)ના પ્રોજેકટને જે રાહતો ગુજરાત સરકારે આપી છે, તે જ ધોરણે હીરા, નાના તથા મધ્યમ ઉદ્યોગ અને ટેક્ષટાઈલ ઉદ્યોગને ગુજરાત સરકારે પેકેજ આપવું જોઈએ.**
- **જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (JNNURM) નીચે ૨,૪૯,૭૬૯.૩૨ લાખ રુપિયા ગુજરાતના ચાર શહેરો માટે ગત વર્ષે કેન્દ્રની યુ.પી.એ. સરકારે આપ્યા છે.**
- **ઈન્ટીગ્રેટેડ હાઉસિંગ અને સ્લમ ડેવલપમેન્ટ માટે વલસાડના વાપીને ૧૧૫૧ લાખ અને વલસાડને પાણી સપ્લાય માટે ૪૯૪.૮૭ લાખ રુપિયા કેન્દ્ર સરકારે ફાળવ્યા છે.**

વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે વલસાડ ખાતે પ્રેસ અને મીડીયાના મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતના નાના અને લઘુ ઉદ્યોગો તથા હીરા ઉદ્યોગને મંદીમાંથી બચાવવા માટે ગુજરાત સરકારે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ. કેન્દ્ર સરકાર તરફથી ઉદ્યોગોને રાહતો માટે બે પેકેજો બહાર પડ્યા છે. પરંતુ રાજ્યની સરકાર વાયબ્રન્ટના નામે ઉત્સવો કરી બહારના મોટા ઉદ્યોગગૃહોને લહાણી કરે છે. અને ગુજરાતના સ્થાનિક અને નાના અને મધ્યમ ઉદ્યોગોને કશું જ આપતી નથી. મંદીના આ વાતાવરણમાં રાજ્ય સરકારે ઇલિકટ્રીકસીટી ડ્યૂટી ઉદ્યોગો પાસેથી લેવાનું બંધ કરવું જોઈએ. આંતરરાષ્ટ્રીય લેવલ પર કોલાસના ભાવો ઘટયા છે. અને પેટ્રોલીયમ પેદાશોના ભાવો પણ ઘટયા છે. કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કર્યો છે અને હજુ વધારે ઘટાડાની શકયતાઓ જાહેર કરાઈ છે. ત્યારે ગુજરાત સરકારે પણ વિજળીના દર ઘટાડવા જોઈએ અને ઉદ્યોગગૃહો માટે પોતે ગુજરાત પેટ્રોલીયમ કોર્પોરેશન તથા અદાણીના માધ્યમથી અપાતા ગેસના ભાવો ઘટાડવા જોઈએ. દેશમાં સૌથી વધારે વેલ્યુએડેટ ટેક્ષ(વેટ) ગુજરાત સરકાર લઈ રહી છે તેમાં પણ રાહતો ગુજરાત સરકારે તાત્કાલિક જાહેર કરવી જોઈએ.

મંદીમાં સપડાયેલા હીરા ઉદ્યોગને મદદરુપ થવા કેન્દ્રની યુ.પી.એ. સરકારે કસ્ટમ ડ્યુટી સંપૂર્ણપણે માફ કરી છે. ભાજપની આગેવાની હેઠળની કેન્દ્રની એન.ડી.એ. સરકાર સને–૨૦૦૦–૦૧માં હતી ત્યારે કસ્ટમ ડ્યૂટી કાચા હીરા (રફ)ની ઉપર ૩૫%ની હતી. અને તૈયાર હીરા ઉપર પણ કસ્ટમ ડ્યૂટી લાગતી હતી. તે વખતની કેન્દ્ર સરકારના આદેશ મુજબ D.G.F.C. લાયસન્સ તથા ૧૦૦% E.O.U. જરુરી હતી. ભાજપની આગેવાની હેઠળ કેન્દ્રની

એન.ડી.એ. સરકારના વર્ષ ૨૦૦૧–૨૦૦૨માં કસ્ટમ ડ્યૂટી ૩૦% રાખવામાં આવી હતી. જયારે કેન્દ્રમાં કોંગ્રેસની આગેવાની હેઠળની યુ.પી.એ. સરકાર શાસનમાં આવી કે તુરત જ કસ્ટમ ડ્યુટીના જુદા જુદા સ્લેબ કરીને ડ્યૂટી ૫ % કરવામાં આવી હતી. પરંતુ હવે હીરા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ઓપન જનરલ લાયસન્સ સ્કીમ કેન્દ્રની યુ.પી.એ. સરકારે બનાવી છે. અને D.G.F.C. લાયસન્સમાં ૧૦૦% E.O.U. હોય કે ન હોય તમામ હીરાની આયાતની ૦ % ટકા ડ્યૂટી એટલે કે કસ્ટમ ડ્યૂટીમાંથી સંપૂર્ણ મુકિત કેન્દ્ર સરકારે આપી છે.

ગુજરાત સરકાર ધ્વારા હીરા ઉદ્યોગને કોઈપણ જાતની રાહતો આપવામાં આવી નથી. અને માત્ર મુખ્યમંત્રીશ્રી હીરા ઉદ્યોગના નામે સમારંભો કરી મોટી મોટી વાતો કરે છે. અને તે પછી થયેલી જાહેરાતો મુજબ એક રુપિયાનું પણ કામ થતું નથી. . હકીકતમાં હીરા ઉદ્યોગને મદદરુપ થવા માટે કેન્દ્રની યુ.પી.એ. સરકારે ૧૦૦% કસ્ટમ ડ્યુટીમાંથી મુકિત આપી દીધી છે. તેજરીતે ગુજરાત સરકારે પણ હીરા ઉદ્યોગને મદદરુપ થવા કોઈ પેકેજ બહાર પાડવું જોઈએ. હાલમાં કેન્દ્રની યુ.પી.એ.એ.સરકાર ધ્વારા હીરા ઉદ્યોગ પર કોઈપણ જાતનો કર લેવામાં આવતો નથી. પરંતુ જુદા જુદા અનેક સ્તરોએ રાજય સરકાર ટેક્ષો ઉઘરાવે છે. તેમાં રાજય સરકારે રાહતો આપવી જોઈએ. ગુજરાત સરકાર હીરા ઉદ્યોગને મદદ કરવા ઈચ્છતી નથી માટે કેન્દ્ર સરકાર પેકેજ આપે તેવી વાત કરીને પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહી.

નવા ઉદ્યોગ ગુજરાતમાં આવે અને ગુજરાતીઓને રોજીરોટી આપે તો તે આવકારદાયક છે. પરંતુ ચોકસ ઉદ્યોગગૃહો સાથે ગોઠવણ મુજબ ચોકકસ ઉદ્યોગ નીતિ બનાવવાની અને ગુજરાતની તિજોરીની લૂંટ થાય અને તેના સામે ગુજરાતીઓને રોજી રોટી પણ ન મળે તે નીતિ બરાબર નથી. ટાટાની નેનો કાર માટે સ્પેશ્યલ પેકેજ અપાયુ છે. તે મુજબ ટાટાના નેનો કારના પ્રથમ ફેજમાં ૨૨૫૦ કરોડનું રોકાણ થવાનું છે. ટાટાએ સિંગુરથી પોતાનો પ્લાન ફેરવવામાં પોતાને ૬૫૦ કરોડ રુપિયાનું નુકશાન થવાનું છે તેને પણ પહેલા ફેજમાં ગણી લઈને પ્રથમ ફેજમાં ૨૯૦૦ કરોડ રુપિયાનું રોકાણ થશે તેમ કહયું છે. આ રોકાણની સામે કોઈપણને ગળે ન ઉતરે તે રીતે રોકાણ કરતાં ૩૩૦% વધારે એટલે કે ૯૫૭૦ કરોડ રુપિયાની લોન ટાટાને ગુજરાતની સરકારે ૦.૧ %ના વ્યાજથી આપવાની છે. અને આ લોનનો પ્રથમ હપ્તો ટાટા કંપનીથી વસુલ લેવાનો ૨૦ વર્ષના સમય પછી શરુ થશે. આ ઉપરાંત ટાટાને ૧૧૦૦ એકર જમીન મફતના ભાવે અપાય છે. ૨૨૦ કે.વી.એ. કનેકશન સાથેનું ડબ્બલ સર્કિટ અને બે હોર્સ સાથેનું વિદ્યુત જોડાણ ૬૬.૧૧ કે.વી.એ.સબ સ્ટેશન, સસ્તી અને સતત વિજળી આપવાની ખાત્રી આપી છે. ટાટાને ટાઉનશીપ બનાવવા ૧૦૦ એકર જમીન અમદાવાદ પાસે આપવામાં આવી છે અને ૧૪૦૦૦ કયૂબીક મીટર મફત પાણી આપવાનું સરકારે નકકી કર્યુ છે અને આ બધુંજ કર્યા પછી હાલની ઉદ્યોગ નીતિ પ્રમાણે કામદારો તરીકે ૮૦% ગુજરાતીઓને ફરજીયાત નોકરી આપવાની તથા સુપરવાઈઝર અને મેનેજર કક્ષામાં ૬૦% ગુજરાતીઓને ફરજીયાત નોકરી આપવાની સરકારની નિતીમાંથી મુકિત આપી દેવામાં આવી છે. ટાટાને આ રીતે પેકેજ અપાયુ છે તેજ રીતેનું પેકેજ ગુજરાતમાં નાના, લઘુ, મધ્યમ અને હીરા ઉદ્યોગને રાજય સરકાર આપતી નથી તે યોગ્ય નથી. જયારે મોટા ઉદ્યોગપતિઓને લખલૂંટ લાભ કરાવે છે ત્યારે સરકાર પોતાની તિજોરી ખુલ્લી મુકી દે છે અને જયારે હીરા ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ અને નાના ઉદ્યોગોને લાભ આપવાની વાત આવે છે ત્યારે રાજય સરકારે પોતાની જવાબદારી હોવા છતાં કેન્દ્ર સરકારે રાહતો આપે તેવી માંગણી કરે છે.

ભૂતકાળમાં શહેરોના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી નાણાં મળતાં નહોતાં. કેન્દ્રમાં કોંગ્રેસની આગેવાની નીચેની યુ.પી.એ. સરકારના આવ્યા પછી જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (JNNURM) અંતર્ગત ૨,૪૯,૭૬૯.૩૨ લાખ રુપિયા ગુજરાતના ચાર

શહેરો માટે ગત વર્ષે કેન્દ્રની યુ.પી.એ. સરકારે આપ્યા છે. જેમાં સુરત શહેરને રૂા.૬૦૩૨૮.૭૭ લાખ રુપિયા ગત વર્ષે કેન્દ્ર સરકાર તરફથી પ્રાપ્ત થયેલા છે.

ભારત સરકારના શહેરી વિકાસ વિભાગ મંત્રાલય ઘ્વારા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન ૮વદદગચોલ નીચે શહેરી ગરીબોના જીર્ણોદ્દધાર માટેની યોજનામાં ગત વર્ષે વલસાડ જિલ્લાના વાપી માટે ૧૧.૫૧ કરોડ રુપિયા, સુરત જિલ્લાના માંડવી માટે ૧૯.૫૪ કરોડ રુપિયા સાથે ગુજરાતના વિવિધ જિલ્લાઓ માટે ૧૩૭.૫ કરોડ રુપિયા મંજૂર કરવામાં આવ્યા છે. ભારત સરકારના યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. કાર્યક્રમ નીચે વલસાડ ખાતે પાણી સપ્લાયના ૬૧૮.૫૯ લાખ રુપિયાનો પ્રોજેકટને મંજુરી આપવામાં આવી છે અને તેમાં ૪૯૪.૮૭ લાખ રુપિયા ભારત સરકારના છે. ગુજરાતના વિવિધ શહેરોમાં આ યોજના નીચે સાતમી પંચવર્ષીય યોજનામાં ૩૫૧.૮ કરોડ રુપિયા કેન્દ્ર સરકારે ફાળવેલા છે. ભારત સરકારે ગત વર્ષે આ યોજનાના કામો માટે ૮૫.૦૮ કરોડ રુપિયા છૂટા પણ કરેલાં છે.

કોંગ્રેસ પક્ષ રાજયના વિકાસમાં ગુજરાતની સરકારને પુરો સહયોગ આપવા માંગે છે. અને રચનાત્મક વિરોધ પક્ષની ભૂમિકા ભજવે છે. પરંતુ ગુજરાતની પ્રજાએ ટેક્ષ રુપે તિજોરીમાં જમા કરાવેલી રકમ મુખ્યમંત્રીશ્રીના વૈભવ,પ્રચાર , ઉત્સવો અને માનીતા પાંચ કરોડપતિઓના લાભાર્થીઓ માટે વપરાય છે તથા મોટો ભ્રષ્ટાચાર થાય છે તેનો કોંગ્રેસ પક્ષ જબરજસ્ત વિરોધ કરે છે.

કેન્દ્રની યુ.પી.એ.સરકારે આ વર્ષે રજુ કરેલ બજેટ સમાજના તમામ વર્ગો માટે કલ્યાણકારી બની રહેશે. ખેડૂતો માટે ખેતધિરાણનું લક્ષ્યાંક રુા. ૨,૮૦,૦૦૦ કરોડનું રખાયું છે. ખેડૂતોને ૭%ના દરે ધિરાણ મળે તે માટે રુા.૧,૬૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. લઘુ સિંચાઈ માટે રુા.૫૦૦ કરોડ અને મઘ્યમ સિંચાઈ યોજનાઓ માટે રુા.૨૦,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. વૈદ્યનાથન કમિટીની ભલામણોને આધારે રુા.૩,૦૭૪ કરોડના પેકેજ સહકારી ધિરાણ માળખાની પુનઃરચના માટે કરવામાં આવ્યું છે. તે પૈકી રુા.૨,૬૪૨ કરોડ (૮૬%) કેન્દ્ર સરકારના નાણાં છે. ભૂતકાળમાં કયારેય ખેડૂતોને દેવા નાબૂદી માટે ન ફળવાયું હોય તેવા રુા.૭૨,૦૦૦ કરોડના પેકેજની કેન્દ્ર સરકારે જોગવાઈ કરી છે. મઘ્યમવર્ગને રાહત મળે તે માટે આવકમર્યાદા રુા.૧.૫૦ લાખ કરીને આવકવેરા ભરવામાંથી મુકિત આપવામાં આવી છે. બહેનો માટે આવકવેરાની મર્યાદા રુા.૧.૮૦ લાખ, જયારે સિનિયર સીટીઝન માટે રુા. ૨.૨૫ લાખની મર્યાદા કરવામાં આવી છે. સર્વશિક્ષા અભિયાન માટે રુા.૧૩,૧૦૦ કરોડ મઘ્યાહન ભોજન યોજના માટે રુા.૮,૦૦૦ કરોડ માઘ્યમિક શિક્ષણ માટે રુા.૪,૫૫૪ કરોડ, મોડલ સ્કૂલો માટે રુા.૬૫૦ કરોડની ફાળવણી કેન્દ્ર સરકારે કરી છે. તદ્દઉપરાંત રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન માટે રુા.૧,૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાંથી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ કેન્દ્રની યુ.પી.એ. સરકારના રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનના પૈસાથી ખરીદાય છે.

---

પ્રતિ
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિઘ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

(જે. જે. રસાણીઆ)
અંગત મદદનીશ